**મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ.**

**રેફરન્સ (ટી) નં. : ૧૯૬/૨૦૦૬**

પ્રથમ પક્ષકાર : ૧) ગુજરાત સ્ટીલ ડીસ્ટ્રીબ્યુટર્સ,
૨) જે.એમ.મશીનરી,
૮/૦.ગુજરાત સ્ટીલ ડીસ્ટ્રીબ્યુટર્સ,
ઠે.સરખેજ ધોળકા રોડ, ફતેહવાડી, અમદાવાદ.

**: વિ રૂ ધ્ધ :**

બીજા પક્ષકાર : શ્રી મોમીન મુસ્તાકઅલી વલીમહંમદ,
૮/૦. અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
ઠે.બીજો માળ, અરબ ચેમ્બર્સ, પેટ્રોલ પંપની સામે,
પથ્થર કુવા, રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એ.એસ.પરીખ.
બીજા પક્ષકાર તરફે: વિ.પ્ર.શ્રી એમ.એચ.સંઘરીયાત.

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) સદર કામનાઅરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ ક્રમાંક : કેએચ/એસએચએમસી/આર/ક – એજે/આઈડીઆર નં.૨૪૪/૨૦૦૫ થી પત્ર ક્રમાંક : ૫૬૭૬/૦૫, તા.૩૦–૧૨–૨૦૦૫ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

**શ્રી મોમીન મુસ્તાકઅલી વલીમહંમદને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સાથે મુળ જગાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔધ્યોગીક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ અને હાલના કેસમાં અરજદારની દલીલના તબકકે પક્ષકારો વચ્ચે સમાધાન થતાં તેઓ તરફેથી **આંક–૩૪** થી સમાધાન રજુ કરેલ છે. અરજદારને સમાધાન વાંચી સંભળાવતા કબુલ મંજુર હોવાનું જણાવે છે. તે સમાધાન નોંધવામાં આવેલ અને તે સમાધાન મુજબ હાલનો કેસ આજ રોજ સમાધાનથી ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૧૧–૦૪–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.